# આયુષ્માન કાર્ડ સોનાની લગડી સમાન છે : મોદી

## આયુષ્માન કાર્ડ બતાવો, મોદીનો ફોટો જોવે એટલે દરવાજા ખુલ્લા : પહેલાંની સરકારે આદિવાસીઓ માટે કંઈ જ ના કર્યુ અમારી સરકાર આવતાં જ અમે આખું અલગ મંત્રાલય બનાવ્યું અને અલગ બજેટ ફાળવ્યું : મોદી



તાપી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનસભાને સંબોધન કર્યુ હતુ. તેમાં તેમણે જણાવવા હતુ કે, ‘જો તમારા ઘરમાં કોઈ બીમાર પડે અને હોસ્પિટલનો ખર્ચો થાય તો ૫ લાખ સુધીનો ખર્ચો તમારો આ દીકરો ભરવા માટે તૈયાર છે. આયુષ્યમાન કાર્ડ તો સોનાની લગડી જેવું છે. તમે મુંબઈ હોવ, કલકત્તા હોવ કે ગમે ત્યાં હોય પેલું કાર્ડ બતાવો, મોદી સાહેબનો ફોટો જોવે એટલે દરવાજા ખુલ્લા.’

આદિવાસી ભગવાન બિરસા મુંડાએ જિંદગી ખપાવી દીધી. પહેલાની સરકારે ભૂલાવી દીધા છે. ૧૫મી નવેમ્બરે આદિવાસી બિરસા મુંડા દિવસ ઉજવવાનું નક્કી કર્યુ છે. જ્યાં સુધી અટલજીની સરકાર ના બની ત્યાં સુધી આદિવાસી માટે મંત્રાલય નહોતું. પછી દિલ્હીમાં અલગ મંત્રાલ યબન્યું. કોંગ્રેસવાળાને કામ ન સૂઝ્યું. વીસ વર્ષ પહેલાં અલગ બજેટ અને અલગ મંત્રાલય બન્યું.

કોંગ્રેસ હંમેશા ચૂંટણી પહેલાં જૂઠ્ઠા વાયદા કરતી હતી અને જીતી ગયા પછી એ વાયદાઓ ભૂલી જવાના. જ્યારે અમારો આદિવાસી સમાજ આગળ વધે તે માટે અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. એકબાજુ કોંગ્રેસની સરકાર આદિવાસી સમાજની પરંપરાઓની ઠેકડી ઉડાડતી, તેમની મજાક ઉડાવતી હતી. હું કોઈ ભાષણમાં આદિવાસી પાઘડી પહેરું તો મારોય મજાક ઉડાવતા, ઠેકડી કરતા. કોંગ્રેસે રાજકીય લાભ કરવા ખાતર મજાક ઉડાવી છે તેનો સમય આવ્યે આદિવાસીઓ હિસાબ ચૂકતે કરશે.’

તેમણે કોંગ્રેસની સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે, ‘કોંગ્રેસની સરકાર આદિવાસીએ બનાવેલી ચીજવસ્તુઓનું મૂલ્ય ન સમજતા નહોતા. જ્યારે અમારા માટે તો વનધનની તાકાત જ મહત્ત્વની છે અને અમને દુનિયામાં બજારોમાં ભાવ મળે તેની ચિંતા છે. અમે કોઈપણ સરકાર કરતાં વધુ સમર્પિત રહીને આદિવાસીઓને પ્રધાન્ય આપીને કામ કરી રહ્યા છીએ. કોંગ્રેસે આદિવાસી ભાઈ-બહેનોના જીવનની મુસીબતો ઓછી કરવાની ચિંતા ન કરી અને અમે સારામાં સારી સુવિધા આપવા માટે હંમેશા કામ કરતા હોઈએ છીએ.

## ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ અંતર્ગત મહાત્મા મંદિર ખાતે વૈશ્વિક QA પ્રેક્ટિસ વિષય પર પરિસંવાદ

ગાંધીનગર, તા.૨૦

સ્વદેશી સંરક્ષણ સાધનોનું વિશ્વ કક્ષાએ વેચાણ કરવા માટે તેની ગુણવત્તા સાથે વિશ્વસનીયતા હોવી ખૂબ જરૂરી છે, તેવું આજરોજ ડિફેન્સ એક્સ્પો- ૨૦૨૨ અંતર્ગત મહાત્મા મંદિર ખાતે યોજાયેલ ’વૈશ્વિક QA પ્રેક્ટિસ’ વિષય પર યોજાયેલ પરિસંવાદમાં સંરક્ષણ રાજ્ય મંત્રી શ્રી અજય ભટ્ટે જણાવ્યું હતું.




વસુદેવ કુટુંબની ભાવના આપણામાં છે, તેવું કહી સંરક્ષણ રાજયમંત્રીશ્રી ઉમેર્યુ હતું કે, સંરક્ષણ સાધનો માત્ર આપણા માટે જ નહીં, પરંતુ આપણા પાડોશી દેશોને પણ ઉપયોગી થઈ શકે તેવા વિશ્વસ્તરીય ગુણવત્તાવાળા સરક્ષણ સાધનોનું ઉત્પાદન કરવું ખૂબ જરૂરી છે. આપણે આ દિશામાં અગ્રેસર છીએ, તેનો આનંદ પણ તેઓએ વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, રક્ષા મંત્રાલય દ્વારા ડિફેન્સ સાધનોના ઉત્પાદન માટે અનેક નીતિ બનાવી છે. તેમજ ઉત્પાદનની ગુણવત્તા માટે કંપનીને જવાબદાર કરી રહ્યા છીએ. તેની સાથે ગુણવત્તાવાળા સંરક્ષણ સાધનોના પરીક્ષણ માટે દેશમાં આઠ સ્થળોએ રક્ષા પરીક્ષણ કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. લખનઉ ખાતેના રક્ષા પરીક્ષણ કેન્દ્ર વિકસાવવામાં આવ્યું છે. તેમ જ આ કેન્દ્ર ખાતે ડિફેન્સ સાધનોની ગુણવત્તા અને અન્ય અભ્યાસ કરવા માટેની સુવિધાઓ પણ આગામી સમયમાં ઉભી કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે સીપરી નામની વૈશ્વિક સંસ્થા જે વિશ્વ કક્ષાએ લશ્કરનો સર્વે કરી તેનો રિપોર્ટ બહાર પાડે છે. જે સંસ્થા દ્વારા વિશ્વના ૨૫ દેશોમાં ભારતનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં પ્રથમ વાર ભારત દેશનું નામ આવ્યું છે, તેની પાછળનું મુખ્ય કારણ સંરક્ષણ સાધનોમાં આપણી ગુણવત્તા અને વિશ્વસનીયતા છે. જો ગુણવત્તા અને વિશ્વસનીયતા નબળી હોત તો આપણે વિશ્વના ૨૫ અગ્રેસર દેશોમાં આપણા નામનો સમાવેશ થતો ન હોત.

## ઈન્ટરસિટી ટ્રેન ધનતેરસ પર ભાવનગર-અમદાવાદ વચ્ચે દોડશે

અમદાવાદ,તા.૨૦

ધનતેરસના પર્વથી અમદાવાદ-ભાવનગર વચ્ચે ઈન્ટરસિટી ટ્રેન દોડતી થઈ જશે, આ અંગેની જાહેરાત બુધવારે સાંસદ ડૉ. ભારતીબેન શિયાળે કરી હતી. આ ટ્રેન એક પ્રકારે ભાવનગર અને બોટાદના લોકો માટે દિવાળીની ભેટ સમાન છે. શનિવારે એટલે કે ૨૨ ઓક્ટોબરના રોજ સવારે ૧૦ કલાકે ભાવનગર રેલવે સ્ટેશન પરથી આ ઈન્ટરસિટી ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવશે. આ અંગે માહિતી આપતા ડૉ. ભારતીબેન શિયાળે જણાવ્યું હતું કે, ’અમદાવાદથી ભાવનગર જવાના માર્ગ પર ઘણીવાર જબરદસ્ત ટ્રાફિક જામ જોવા મળે છે. આટલું જ નહીં આ રોડ પર જીવલેણ અકસ્માત થયો હોવાના કિસ્સા પણ આપણે જોયા છે’. તેથી, આ ટ્રેન ન માત્ર મુસાફરોના સમયની બચત કરશે પરંતુ અકસ્માતની સંખ્યામાં પણ ઘટાડો થશે. અમદાવાદ અને બોટાદ વચ્ચે જે ગેજ કન્વર્ઝનનું કામ ચાલી રહ્યું હતું તે હવે પૂરું થઈ ગયું છે. અમદાવાદ-ભાવનગર ઈન્ટરસિટી ટ્રેન તાત્કાલિક ધોરણે શરૂ કરવા માટેની માગણી કરવા માટે બુધવારે ડૉ. ભારતીબેને કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને દર્શનાબેન સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમની વિનંતી સ્વીકારવામાં આવી હતી અને ધનતેરસથી જ ટ્રેન શરૂ થઈ જશે તેમ કહેવામાં આવ્યું હતું. અમદાવાદ-ભાવનગર ઈન્ટરસિટી ટ્રેન રવિવારે એટલે કે ૨૩ ઓક્ટોબરથી મુસાફરો માટે શરૂ થઈ જશે. ટ્રેન વહેલી સવારે ૬.૧૦ કલાકે ભાવનગરથી ઉપડશે અને ૧૦ કલાકે અમદાવાદના સાબરમતી સ્ટેશને પહોંચશે. આ ટ્રેન ફરી સાંજે ૪ કલાકે ત્યાંથી ઉપડશે અને ૮ કલાકે ભાવનગર પહોંચાડશે.

### ૧૫ લાખ પ્રવાસીઓને પડખે કરવાની જવાબદારી

## ગુજરાતમાં ભાજપે ઉતારી રાજસ્થાનના નેતાઓની ફોજ

### ગુજરાતમાં રાજસ્થાનના નેતાઓને જવાબદારી આપવા પાછળ સૌથી મોટુ કારણ રાજસ્થાન મૂળના લોકો અહીં વસે છે

અમદાવાદ, તા.૨૦

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને રાજસ્થાનથી ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીના નેતાઓને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. જ્યાં કોંગ્રેસે મુખ્યમંત્રી અશોક ગહલોતથી લઈને ૨૦થી વધારે મંત્રીઓને ગુજરાતી મતદારોને રિઝવવાનો પ્રયાસ કરશે, તો ભાજપે પણ ગુજરાતમાં વસેલા ૧૫ લાખ રાજસ્થાનવાસીઓને પોતાના તરફ ખેંચવા માટે રાજસ્થાનમાંથી મોટા પાયે પાર્ટીના નેતાઓની ડ્યૂટી લગાવી દીધી છે. ભાજપ હાઈકમાન્ડે રાજસ્થાનના પ્રદેશ અધ્યક્ષ, ૪ કેન્દ્રીય મંત્રી, ૨ સાંસદ-પૂર્વ સાંસદ, ૭ ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યોને ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપી છે. તો વળી રાજસ્થાન સહિત ભાજપે દેશભરમાંથી પાર્ટીના સીનિયર નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓને ચૂંટણીના મેદાનમાં ઉતારી દીધા છે. ગુજરાત ચૂંટણીમાં પ્રભારી ભૂપેન્દ્ર યાદવ છે, જે રાજસ્થાનમાંથી આવે છે. ભાજપે ગુજરાતમાં રાજસ્થાનના ૪ કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, ભૂપેન્દ્ર યાદવ, અર્જૂનરામ મેઘવાળ, કૈલાશ ચૌધરી ઉપરાંત સંગઠનના ૧૦૮ નેતાઓની ટીમ ઉતારી છે, જે અલગ અલગ વિધાનસભા સીટો પર જઈને ભાજપનો પ્રચાર કરશે. ગુજરાતમાં રાજસ્થાનના નેતાઓને જવાબદારી આપવા પાછળ સૌથી મોટુ કારણ રાજસ્થાન મૂળના લોકો છે. ગુજરાતની કુલ વસ્તી ૭ કરોડ ૪ લાખની નજીક છે, જેમાંથી લગભગ ૧.૫૦ કરોડ બીજા રાજ્યોમાંથી આવીને વસેલા લોકો છે. જેમાંથી પાડોશી રાજ્ય રાજસ્થાનમાંથી સૌથી વધારે લોકો છે. આ ઉપરાંતમાં અમદાવાદમાં ૨.૨૫ લાખ અને સૂરતમાં ૨.૭૫ લાખથી વધારે રાજસ્થાની લોકો વસવાટ કરે છે. ત્યારે આવા સમયે રાજસ્થાનના કેન્દ્રીયમંત્રીઓ, સાંસદ, ધારાસભ્યો આ પ્રવાસી રાજસ્થાનીઓને સાધવાની જવાબદારી સોંપવામાં આવી છે.

## સુરતમાં બાલાજી વેફર્સના ગોડાઉનમાં આગ લાગી

### નમકીન ભરેલા ૧૧ ટ્રક બળીને ખાખ થયા : બારડોલી પોલીસ સહિત ૩ ફાયરની ટીમો ઘટના સ્થળે પહોંચ્યા હતા, જોત જોતામાં આગ વિકરાળ બની ગઈ હતી

સુરત,તા.૨૦

બુધવારે મોડી રાતે બાલાજી વેફર્સના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. જેનાથી ગોડાઉનમાં પાર્ક કરેલા ૧૧ જેટલા ટેમ્પા આગમાં બળીને ખાખ થયા છે. આ સાથે ગોડાઉન અને ટેમ્પામાં વિવિધ નમકીન અને વેફર્સ ભરેલાં હતા જે પણ બળીને ખાખ થઈ ગયા છે. જોકે, સદનસીબે આ આગને કારણે અત્યાર સુધીમાં કોઇ જાનહાનીના સમાચાર સામે આવ્યા નથી. આગની જાણ થતા બારડોલી પોલીસ સહિત ફાયરની ટીમો તાત્કાલિત પહોંચીને આગ પર કાબૂ મેળવી લીધો છે. ગોડાઉનમાં રાખેલો સામાન બળી ખાખ થતા લાખોનું નુકસાન થયુ હોવાનું અનુમાન સેવાઈ રહ્યુ છે. પ્રાથમિક તારણ પ્રમાણે, આ ભીષણ આગ શોર્ટ સર્કિટને કારણે થયાનું હાલ સામે આવી રહ્યુ છે. ઘટનાની જાણ થતા બારડોલી પોલીસ સહિત ૩ ફાયરની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી. વિકરાળ બનેલી આગને કલાકોની મહામહેનતે કાબૂમાં લેવામાં આવી છે. બાલાજી વેફર્સના ગોડાઉનમાં આગના સમાચાર વાયુવેગે પ્રસરતાં આસપાસના સ્થાનિકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. થોડી જ વારમાં લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. બુધવારે રાત્રી દરમિયાન ગોડાઉનના ગ્રાઉન્ડમાં પડેલી પ્લાસ્ટિકની બોરીઓમાં ફટાકડાના તણખલા ઉડતા એકાએક આગ લાગી હતી.

## દિવાળી અગાઉ ખેડૂતોને સહાયની જાહેરાત કરાશે : કૃષિમંત્રી રાઘવજી

### અતિવૃતિ, વાવાઝોડું, પૂર આવા સમયે ખેડૂતોના પાકને કે ખેતીની જમીનને નુકસાન થયું હોય ત્યારે સરકાર પૂરતા પ્રમાણમાં સહાય

ગાંધીનગર,તા.૨૦

અતિવૃષ્ટિ, વાવાઝોડા, પૂર જેવા સમયે ખેડૂતોને થયેલા નુકસાન સામે વળતર પણ રાજ્ય સરકાર દ્વારા સમયસર પૂરુ પાડવામાં આવે છે. ગુજરાત વિધાનસભાના ચોમસું સત્ર દરમિયાન કૃષિમંત્રી રાઘવજી પટેલે આપેલી માહિતી અનુસાર, ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોને જુદી કુદરતી આફતો સામે ખેતીના પાકોને થયેલા નુકસાન સામે ૫૯.૮૧ લાખ ખેડૂતોને ૬૬૨૪.૨૬ કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યના કૃષિપ્રધાન રાઘવજી પટેલે ખેડૂતોને પાક સહાયને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોને સહાય આપવામાં ક્યારેય પીછેહઠ કરતી નથી. કુદરતી આફત જેવી અતિવૃતિ, વાવાઝોડું, પૂર આવા સમયે ખેડૂતોના પાકને કે ખેતીની જમીનને નુકસાન થયું હોય ત્યારે સરકાર પૂરતા પ્રમાણમાં સહાય આપે છે. ગઈ અતિવૃષ્ટિમાં ખેડૂતોના પાકને અને જમીનને જે નુકશાન થયું તેનો સર્વે પૂરો થઈ ગયો છે. તેનો અહેવાલ પણ તૈયાર થઈ ગયો છે. જે મુખ્યમંત્રીની વિચારણા હેઠળ છે. હું માનું છું ત્યાં સુધી દિવાળી પહેલા અસરગ્રસ્ત ખેડૂતોને સહાયની જાહેરાત થઈ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં સોલાર ઝટકા મશીન યોજના અમલમાં મૂકાઈ છે. હવે ઝટકા મશીન યોજનાનો લાભ ખેડૂતોને મળી રહ્યો છે. આજે પ્રતીકરૂપે ૫ જેટલા ખેડૂતોને સહાય માટેના પ્રમાણ પત્રો પણ રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલના વરદહસ્તે આપવામાં આવ્યા હતા.

## કોન્ટિનેન્ટલ કાર્બને ભારતમાં તેનું બીજુ ઉત્પાદન એકમ શરૂ કરવા ગુજરાતની પસંદગી કરી

ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલના પગલે વિશ્વની અગ્રણી કાર્બન બ્લેક સપ્લાયર કોન્ટિનેન્ટલ કાર્બને આજે ભારતમાં ગુજરાતના દહેજમાં તેનો નવો ઉત્પાદન એકમ શરૂ કરવાની જાહેરાત કરી હતી. સમગ્ર વિશ્વમાં ગ્રાહકો તરફથી કાર્બન બ્લેકની માંગમાં વૃદ્ધિના પગલે વિસ્તરણ કરાયું છે. નવો બિઝનેસ એકમ ૪ ઉત્પાદન લાઈન ધરાવે છે અને તેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા અંદાજે ૧,૫૦,૦૦૦ ટન છે. નોંધપાત્ર રોકાણ સાથે તૈયાર કરાયેલ એકમ આ પ્રદેશમાં રોજગારીની તકો ઉભી કરવાની સાથે ઉત્પાદન ક્ષમતા પણ વધારશે અને કાચા માલ તરીકે કાર્બન બ્લેક પર નિર્ભર ઉદ્યોગોની વધતી માંગ પણ પૂરી કરશે.

આ પ્રસંગે વાત કરતાં કોન્ટિનેન્ટલ કાર્બનના પ્રમુખ શ્રી ટી.એમ.ચેને કહયું હતું કે ગુજરાત રાજયમાં અમારૂ બીજું ઉત્પાદન એકમ શરૂ કરવાની જાહેરાત કરતાં અમને ખુબજ આનંદ થાય છે. તે હિન્દ મહાસાગર રીઝનમાં વિકાસ અને વિસ્તરણ કરવા મદદરૂપ થવાની સાથે પ્રદેશમાં કાચા માલના પુરવઠાની ચેઈન અને ટાયર ગ્રાહકો હોવાના કલસ્ટર લાભનો ઉપયોગ કરવામાં પણ મદદરૂપ થશે. નેશનલ કેપિટલ રીઝનમાં અમારા પહેલા એકમ ઉપરાંત કોન્ટિનેન્ટલ કાર્બન હવે ભારતમાં ટોચની ત્રણ કાર્બન બ્લેક સપ્લાયર્સ બનવાની તૈયારીમાં છે. અમે પર્યાવરણના સંદર્ભમાં સભાન રીતે ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રીત કરીને અને સર્ક્યુલર ઈકોનોમીની પધ્ધતિ અમલમાં મુકી છે ત્યારે આ પ્લાન્ટે સ્થાનિક તંત્ર દ્વારા નિશ્ચિત પર્યાવરણના રક્ષણ સંબંધિત બધા જ માપદંડો પૂરા કર્યા છે. ટેકનોલોજીની દ્રષ્ટીએ અત્યાધુનિક મશીનરીના ઉપયોગ અને પર્યાવરણનું રક્ષણ કરવા માટે ઉંચા સ્પેશિફીકેશન ધરાવતાં ઈકવિપમેન્ટના ઉપયોગ મારફત આ સિધ્ધિ હાંસલ કરાઈ હતી. આ માટે એકઝોસ્ટ ગેસની પુનઃ પ્રાપ્તિ અને પુનઃ વપરાશ અને વીજ ઉત્પાદન માટે વરાળમાં રૂપાંતરણ સહિતના પગલાં લેવાયા હતા.

### મિશન લાઈફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂ કરવામાં આવેલુ વૈશ્વિક આંદોલન છે. મિશન લાઈફ લોકોના અનુકૂળ ગ્રહના વિચારને મજબૂત કરશે.

મિશન લાઈફ સાથે જોડાયેલી ત્રણ રણનીતિઓનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યુ કે આનો ઉદ્દેશ્ય સ્થાયી આદર્શ પર્યાવરણ માટે લોકોના વલણને ત્રણ રણનીતિઓ તરફ જોડવાનો છે. જેમાં લોકો દ્વારા પોતાની દિનચર્યામાં સામાન્ય પરંતુ પ્રભાવી પર્યાવરણ અનુકૂળ આચરણનુ પાલન કરવુ, ઉદ્યોગો અને માર્કેટને બદલાતી માગ હેઠળ પરિવર્તન કરવામાં સક્ષણ બનાવવા અને સરકાર તથા ઔદ્યોગિક નીતિઓને પ્રભાવિત કરવી જેથી તે ટકાઉ વપરાશ અને ઉત્પાદન (નીતિ) નુ સમર્થન કરવાનુ સામેલ છે.

જિમ પ્રત્યે ઉત્સાહી લોકો માટે વડાપ્રધાન મોદીએ એક સલાહ પણ આપી. તેમણે કહ્યુ, કારમાં જિમ જવા કરતા કોઈ પણ જગ્યાએ ચાલવાનુ પસંદ કરો. તેનાથી હેલ્થ સારી રહેશે અને ઈંધણ તેમજ ઉર્જાની પણ બચત થશે.

### યુક્રેન છોડે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝડપથી યુક્રેન છોડવાની અપીલ કરી છે. દૂતાવાસે તે પણ જણાવ્યું છે કે રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવ ભીષણ બન્યું છે જેના કારણે ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ યુક્રેનમાં પણ બિનજરૂરી મુસાફરીથી બચે. આ ઉપરાંત ભારતીય નાગરિકો યુક્રેનની સરકાર અને સ્થાનિક અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા સુરક્ષા નિર્દેશોનું પાનલ કરે. યુક્રેનમાં રશિયન સૈન્યના પ્રભારી પુતિનના નવા કમાન્ડરે ખેરસાનમાંથી યુક્રેનિયન નાગરિકોને બહાર કાઢવાનું શરૂ કર્યું છે. આ નાગરિકોને રશિયા દ્વારા જ કબજે કરાયેલા અન્ય પ્રદેશમાં પુનઃસ્થાપિત કરવામાં આવશે.

### પ્રદૂષણની માત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રદુષણની વધઘટ થતી માત્રા સંદર્ભે રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. શહેરમાં છેલ્લા એક થી દોઢ દાયકાથી ધમધમાટ વધી ગયો છે. સેકટરોમાં વધતી વસતી સાથે વિકાસના અનેકવિધ પ્રોજેકટ પણ હાથ ધરવામાં આવ્યા છે. આ દરમિયાન સેંકડો વૃક્ષોની કટોતી પણ થઈ છે. માર્ગો પર દોડતા વાહનોને અનુલક્ષી રોડ નેટવર્ક અપગ્રેડ કરવા માટે પણ હરિયાળીનો સોથ વાળવામાં આવ્યો છે. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગરમાં પ્રદુષણની સમસ્યા આગામી દિવસોમાં જટીલ બને તેવા પણ સંકેતો છે.

### સ્થાનિકો તોબા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થવુ પડે છે. ત્યારે ગટર લાઈન નવી નાંખવાના પ્રોજેકટની કામગીરી પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે હાલની સ્થિતિએ સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો વધી છે. સેકટરોમાં પણ રહેણાંક વિસ્તારમાં ઘર આંગણે ચોકડીમાં જ દુષિત પાણીનો ભરાવો થાય છે. જેના લીધે ઘર આંગણે જ ગંદકી થતા સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. સે-૨ બી માં પણ છેલ્લા છ મહીનાથી ગટરો ઉભરાતી હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જયારે આ મામલે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી સ્થાનિકોએ ત્વરિત અસરથી આ સમસ્યા નિવારવા માટે પણ ઉગ્ર રજુઆત કરી છે. શહેરમાં નવી ગટર લાઈન નાંખવા માટે કામગીરી ચાલી રહી છે. ત્યારે સેકટરોમાં વારંવાર ઉદભવતી ફરિયાદો નિવારવા માટે તંત્રએ ખાસ ટીમ કામે લગાડવી જોઈએ તેવી પણ પ્રબળ રજુઆત કરી છે.

### આતંકવાદી સક્રિય

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાઈબ્રિડ આતંકવાદીઓની આ ભૂમિકા છેલ્લા ૧૦ મહિનામાં ઉજાગર થઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે જે પહેલા ઓવરગ્રાઉન્ડ વર્કર હતા જે સક્રિય આતંકવાદીઓની મદદ કરતા હતા. હવે તેઓ સીધી રીતે આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપી રહ્યા છે. આ બધા વિદેશી અને હાઈબ્રિડ આતંકવાદીઓનું જોડાણ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. છેલ્લા બે વર્ષમાં એક ડઝન પ્રોક્સી આતંકવાદી સંગઠનો બન્યા છે. આ તમામ સંગઠન વિદેશી આતંકવાદીઓને સતત મદદ કરી રહ્યા છે. આ દ્વારા તેઓ ન માત્ર આતંકવાદી ગતિવિધિઓ ચલાવી રહ્યા છે પરંતુ તેઓ ષડયંત્ર પણ રચી રહ્યા છે.

હાઈબ્રિડ આતંકવાદીઓની સક્રિયતા જોતા ગુપ્ત એજન્સી અને પોલીસ ફોર્સ પણ સક્રિય બની છે. ગુપ્ત અને સુરક્ષા એજન્સીઓ હવે આ હાઈબ્રિડ આતંકવાદીઓનું લિસ્ટ તૈયાર કરી રહ્યા છે.

## બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્ટેટ વેલ્ફેર કમિટમાં વકીલ શંકરસિંહ ગોહીલની વરણી

### કમિટીની બેઠકમાં વકીલોને રૂ ૨૧ લાખની માંદગી સહાય તાત્કાલિક ચુકવવા નિર્ણય

ગાંધીનગર તા ૧૯

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત બોર્ડની જનરલ બેઠક યોજવામાં આવી હતી. જેમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના એડવોકેટ વેલ્ફેર કમિટી ફોર ધ સ્ટેટની કમિટીમાં અમદાવાદના સિનિયર એડવોકેટ ધારાશાસ્ત્રી ભરત ભગત અને શંકરસિંહ એસ ગોહીલની વરણી કરવામાં આવી છે. આ કમિટીમાં તેમની બે વર્ષ માટે નિમણુંક કરવામાં આવી છે. જયારે હવેથી વકીલોની માંદગી સહાય અરજીઓ સંદર્ભે બી સી આઈ એડવોકેટસ વેલ્ફેર કમિટી ફોર ધી સ્ટેટની કમિટીમાં યોગ્ય પગલા હાથ ધરવામાં આવશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે. તેમની આ વરણી બદલ વકીલ મિત્રોએ તેમને શુભેચ્છા પાઠવી છે.



બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગી સહાય સમિતિમાં સમગ્ર ગુજરાતના જિલ્લ અને તાલુકા અદાલતોમાંથી અંદાજિત ૧૨૦ જેટલા ધારાશાસ્ત્રીઓ ની માંદગી સહાય અરજીઓ હાથ પર ધરવામાં આવી હતી. જયારે આ બેઠક દરમિયાન કુલ ૨૧ લાખની માંદગી સહાય ચુકવવાનો નિર્ણય લેવાયો હતો. જયારે વકીલોને માંદગી સહાયની આ રકમ તાત્કાલિક ધોરણે ચુકવવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

### જાહેર નોટીસ

બી.બી.મોડીયા (જી.એ.એસ.) પ્રાંત અધિકારીશ્રી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ગાંધીનગરની કોર્ટમાં

જન્મ-મરણ અપીલ ૧૯૦/૨૦૨૨

અરજદાર : રઘુનાથભાઈ કરશનભાઈ રબારી
વિરૂધ્ધ
સામાવાળા : જયદેવસિંહ રાઠોડ

બાબત : જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) નીચે વિવાદ અરજી

આથી જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે અરજદારશ્રીના હીરાબેન કરશનભાઈ રબારીનું મરણ તા.૧૯/૪/૧૮ના રોજ મોજે કરોલી તા.દહેગામ, જિ.ગાંધીનગર થયેલ છે. જેઓના મરણની નોંધણી શરતચૂકથી મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવાની રહી ગયેલ છે. જેથી અરજદારશ્રીના માતાશ્રીનું મરણનું પ્રમાણપત્ર સબ-રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અધિકારી તલાટી કમ મંત્રીશ્રી કરોલી કાઢી આપે તેવો હુકમ કરવા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ-મરણ અપીલ નં.૧૯૦/૨૦૨૨થી દાખલ કરેલ છે. જેથી આ બાબતે કોઈ ઈસમ, સંસ્થા કે વ્યક્તિને અરજદારશ્રીના માતાશ્રીને સદર દાખલો આપવા સામે વાંધો, તકરાર હોય તો તેઓએ જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજુ કરવાનો રહેશે જો કોઈ વાંધો કે તકરાર રજુ નહીં થાય તો આગળની યોગ્ય અને ન્યાયિક કાર્યવાહીથી હુકમ કરવામાં આવશે તેની નોંધ લેવી. આજ તા.૨૦/૯/૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(બી.બી.મોડીયા)
પ્રાંત અધિકારી, ગાંધીનગર